શ્રી. ૬૫૪૯

મન તરંગ

બનાવી પ્રસિદ્ધ કરનાર.

લલ્લુભાઈ મોતીરામ, નાયક.

અમદાવાદ
ધીકાંટે— ધર્મોદય પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮.

કીમત ૬ આના.

૬ર૭૯

મન તરંગ.

જેમાં ગુજરાતી અને બીજ ભષાના કવીતા તેગજ ઉર દુ ભાષાની ગજલો તથા કલ્યાણ કાફી પીલુ માલકોસ સારંગ કાનડો પરજ સોરઠી ગુજરી બિહાગ પુરબી ગોડી કાલીંગડો બિભાસ ભૈરવ ભૈરવી વિગેરે રાગ રાગણીઓની નવીન બનાવેલી ગાવા તેમજ વાંચવા લાયક ચીજોનો સમાવ કીધો છે

બનાવનાર.

લલ્લુભાઈ મોતીરામ નાયક.

આ ગ્રંથની કવીતાઓમાં લલુ નામે છે તેવીજ રીતે ઉરદુ ગજલોમાં તેગનુ નામ રાખ્યું છે અને ઠુમરીઓમાં માટે લાલ નામ રાખ્યું છે માટે વાંચનાર વિદ્વાને એક નામ જુદાજુદા રૂપમાં સમજવાં

મનહર છંદ.

વ્હાલા મારા વાંચનારા વાંચજો સુધારી ધારી
છતાં આણુ ધારી મારી ભુલ માફ કરશો
જાણીનો ન પુરો હું અધુરો કામ કાવ્ય તણું
માટે કવીતાના ગુણ દોશ નવધરશો

શીવાય જે સજજનોએ સ્હાય કરી સેવકને
આભારના બદલામાં પળ ન વિસરશો
લાયક જે ગાયકમાં નાયક ઉપાયક તે
ક્ષાતી મારી લલ્લુનામ કાને સહુ ધરશો.

શ્રી

ઓહુકાર વિણા ધારણ કરનાર પવિત્ર વેદ શાસ્ત્ર બતાવનાર રસવાણીનો વીસ્તાર કરનાર હંસના વાહન વાળીને દયાળી ભક્તોની આધીવ્યાધીને ઉપાધી દૂર કરનાર હે માતુ સરસ્વતી દેવી આપના કૃપા યુકત પ્રતાપના પ્રસાદની મદદ વડે જે આ નાનુ નવીન પુસ્તક બનાવ્યુ છે તે હું આપના ચરણમાં ધરૂ છું વંદન કરૂં છું. તેના દોશ અવગુણ માફ ન જોતાં તે સુધારવા સદા સદમતી દેશો એવી પ્રાર્થના કરવા સાથે તે પુસ્તકનો આરંભ કરૂ છું તેમાં આપ કૃપાળુ થઇ સ્હાય કરશો.

લી આપના ચરણ કમળનો ભક્ત.

લલ્લુ મોતીરામ.

પ્રસતાવના

કવિતા કે જે અત્યન્તની આનંદ ઉપજાવવા સાથે જ્ઞાન ને ચાતુર્યતાનો સુધારો કરનાર છે તેનો શોખ મને નાની વયથીજ હતો

કીર્તિવન કવિઓની કવિતાવોનુ અવાર નવાર અવલોકન કરવાથી તે શોખ દીન પ્રતીદીન વૃધી પામતો ગયો

વખત બે વખત સંનસાર શાગરમાં મોઝા રૂપી મનના તરંગ દોડયા તે કવીતા રૂપમાં લખતો ગયો ને તે લખાણનુ નામ મંન તરંગ રાખ્યું

એ મંન તરંગ લખાણની ચોપડી છપાવવામાં સ્વધર્મનુ ભલુ ઇચ્છનાર વિદ્વાને ઉતેજન આપનાર મારા પ્રીય મીત્ર બલવંતરાય લક્ષમીરામે મને જે મદદ કરી છે તે ઉપકારના બદલામાં હું તે સજજન સુપાત્ર જનનો સદાનો આભારી થયો છું એટલુંજ લખવું બસ છે

ભર્ત ભુમિમાં વિદ્યાને ઉતેજન આપનાર આવા નિતિજ્ઞ જ્ઞાની વિદ્વાન પુરૂષો ઘણા ભાગે થોડાજ જોવામાં આવે છે તે શીવાય મારા બીજા મીત્રોએ પણ મને સારી મદદ કરી છે તેથી તેમનો પણ આભારી થયો છું

તા. માસ સને મુ લી. લલ્લુમોતીરામ

શ્રીવિઘ્નોકાર.

"મનતરંગ"

સરસ્વતીની સ્તુતિ.

કવિત.

મૈયાશુભસૈયા સુખદૈયા હો દયાલદીલ.
છૈયા ગુનગૈયા યશ લૈયા ધનપૈયાહે
રૈયા તુજછૈયા ગવૈયા ગુન ભૈયાભૈયા
જૈયા તુજછૈયા નરપૈયા વેબીન્યા હે
લૈયા જોમનૈયા નરપૈય લખ દૈવાર
ચૈયા પરસૈયા જગસબમેં સવૈયાહે
ભૈયા મમમૈયા બુધદૈયા દોસુબુદ્ધ બુધ
લહુ તુજ પૈયાંપે પરૈયા તુજ છૈયાહે

ટીકા— હે માતુ સરસ્વતિ તમો સુભકામમાં સાહાય કરનારાંછો. તેમજ સુખ દેનારાંછો, અને અતિદયાળુ મનવાળાંછો. તેથી તમારાં છોરૂબની જેણેગુણગાયા તે અપારયશ ને ધન પામ્યા છે. જે તમારી છાયામાં રહયો તેના સુગુણ દરેક મીત્રમાં તેમજ ભાઇભાંડુ વિગેરે કુટુંબમાં ગવાયા છે. હેનેતાં જેજન તમારી છાયામાંથી ગયો અરથાંત અજાણ્યુ રહયો તે પાઇપાઇ વેચાયો છે વળી જે તમારા જેવી વિદ્યા દેવીનું લક્ષરાખી રાત્રી દિવસ કવિતા વિગેરે લખવામાં લહીયા બન્યા તે જન અતિશે દ્રવ્યને પામી જગતમાં સહુથી સવાયા પ્રસીધ થયા છે. એવા અનેક ગુણવાળાં હે મમમાતુ સરસ્વતિદેવી તમેજ બુધિના દેના

રાંછિા. માટે આગ્રંથ રચવા મને સુબુદ્ધિ આપો એવી પ્રાર્થના કરવા સાથે આ તમારો છોરૂ લલ્લુ આપના ચરણમાં વંદન કરે છે.

કવિત ૨

ચેતરે અ ચેત ચીત ચેતનમેં ચેતચીત
ચીતમેં ચીતાર ચીત્રચત્રભુજભારીહે
અતિગુનકારી સુખકારી દુઃખહારી શામ;
ચાહેચીત ધારિતો સુધારી બાજી હારીહે
માની નહિંમાની અભીમાની નહિં જાની જીવ;
ફાની જીન્દગાની જાનીજાન ગીરધારી હે
જુઠી જગમાયા એ બનાવટકી કાયાભુલી;
ભાન તુંકાયામાયા મોહમતવારી હે
ખાલી બીનમાલી તું ગુલાબી રંગકુમ રહયો
ડાલીજીને ડાલી બનમાલી વો મોરારી હે
ભારી પરનારીપર ડારં દ્રષ્ટ ધારીધારી
નારીપરચારી ભયકારી ઔર ખ્વારી હે.
ચોરીકી છીનાલી લાખતાલી દીકુચાલીઠાલી.
કાલી કીકીરરમાલી મોજ અવિચારી હું

ટીકા—હે અચેતચીત તને ઇશ્વરે ચેતન શકિત આપી છે તો ચેત અને તારા કઠોર ચીતમાં અતિ પબળ ચાર ભુજવાળા ચત્રભુજનું ચીત્ર ચીતાર અથવા ધારકે છું

લલુ કહે લાખપતિ. રાખ નહીં ગયો લઇ
આલીજમ જાયકો. બચાવે નરનારી હે.

જે અતિશે ગુણકારી અને સુખકારી તેમજ દુઃખ હરનાર છે તેને હજુ ચીતમાં ધારીને ચહાયતો તારી હરેલીબાજી સુધારીશકે તેમ છે.

હે અભીમાની જીવ તેં મારી વાણીમાની તેમજ રદયમાં જાણીપણ નહીં તો પણ કહુંછું કે હે મુઢ આ આસુત્ર અલ્પજાણી ગીરધારીને મનમાં જાણ કે તે છે.

આ અસાર જગની સરવે માયા તેમજ બનાવટી કાયા જુઠી છે તે પર ભાંનભુલી તું જે મોહને માયામાં ઠગાયોછે તે સરવે જુઠુજ છે જે આ બગીચારૂપી સંસારનો માળીરૂપી ઇશ્વિર તેને ઓળખ્યાવિના ફુલરૂપી મનુષ્યપર ભમરાની પેઠે ધુમી રહયો છે પણ આ ફુલની ડાળીઓ રોપનાર આ વનનોમાળી તેજ જકત કર્તા પરમાત્માજ છે.

હે નકામા કામી પુરૂષ તેં પરસ્રીપર અતિશે ધા ધીધારીને કુદ્રષ્ટી નાખી પણ જાણતો નથી કે પરનારી અતિ ભયકર અને અમુલ્ય પ્રાણની ખુવારી કરનાર છે.

ચોરી છીનાળી કરવાંસાથે બાપદાદાનાં આપેલાં વચનહારી ઉજવળ કીરતીને મોજમાણી કાળીકરી છતાં રામજે તો લલ્લુ હજુએ કહેછે કે તારાથી ચારધણી મોજમાણનાર લક્ષાધિપતિ મુવા તે વખતે મોજતો રહી પણ પોતાની રાખંપણ સાથે ન લઇજઇ શકયા તો જે વખત કાળરૂપી જમ લઇજશે તે વખત આ સંસારની જુઠી મોજમજાને નરનારી વિગેરે બચાવે તેમજ સાથે આવેતેમ પણનથી માટે હે મુઢ પ્રાણી ઇશ્વરનું નામ ભજીશ તેટલું પાંપ તજીશ.

કવિત ૩

સુરખનમાને કહ્યું કહાકહું બારબાર
યારતું સુધારમતી જગતકી જાલસેં
ફરેબીતું ફરેબસે ફાવ્યો ફંદ ફીતુરમે
ફોગટઠગાયો ઠગતનમન માલસે
નહીમન માન્યો નધરાયો જીવજગતસે
સંગધન આયોન ઠગાયો ચાહ ચાલસે
નહીમાનેઆન મોરી મગર ખબર પડે
કહેદાસ લલ્લુજમ પાલો પડે કાલસે.

ટીકા—મોહમાં ફસાયેલસુરખ મનને વારંવાર કહ્યું પણ માનતુજ નથી હે જકતની જાળમાં અંજાઇ ગએલ જીવસત્યતાથીમતિને સુધાર હે ફરેબીતુ ફરેબની યુક્તિથી ફંદફીતુરમાં ફાવ્યો ધારે છે પણ તેમ કરતાં તારા તનમન માલની શી ખરાબી થઇ તેની હે ઠગ તુને ખબર નથીજ હે લોભી કોઇ રીતે તારૂ મન ન માન્યુ તેમજ જીવ ધરાયો નહીંજ. ધન ઉપર મોહરાખી મહાલ્યો પણ તેમાંનુ કાંઇ સંગાથે ન આવતાં ઠગાયો લલ્લુ કહે છે કે તુ મારી વાણીથી કંટાળતો હુઇશ અથવા નહીમાને પણ જારે કાળથી પાલાવ અથવા કામ પડશે ત્યારે પુરી ખબર પડશે.

કવિત. ૪

પંડીત કહાવે શુભ પોથી કો સુનાવે ભાવે
હોત કોઇ જોગી કો બીયોગી. મન માને હે
હાકમ કહાવે કોઇ ચોરબન આવે જાવે

હોત કે ઊદાસી. કો વિલાસી મેં તુફાને હે
ખાય કોઇ ખીર બીન નિર કોઇ સહે પીડ
મોડે કોઇ દોડે હાથ જોડે પાઇપાને હે
ધુપ કો જલાવે કોઇ ભુતકો બુલાવે પર
લલ્લુ કહે વાકી ગત. વેહી તો પીછાને હે.

ટીકા— આ જગતમાં કેટલાક પુરૂષો ધર્મસાસ્ત્રભણી પંડીતનામ ધરાવી સાસ્ત્રના ગ્રંથો ધનની લાલચથી લોકને ભાવધરી સંભળાવે છે, કેટલાક અમુક કારણથી જોગીબની ફરે છે કેટલાક અહેોનીશ પોતાના મનમાં કોઇ વાતનો વિયોગજ માને છે; કેટલાક અધીકારીઓ કહેવાય છે કેટલાક ચોરથઇ પોતાનુ કામ કરે છે, કેટલાક કોઇ વખત ઉદાસ જોવામાં આવે છે કેટલાક આનંદીજન વિલાસના તુફાની નજરે પડે છે; કેટલાક ખીર વિગરે ઉતમ ભોજન કરી રહયા છે. કોઇ ઘોડેચડી નીકળે છે તો કોઇ તેમની પાછળ પાછળએક પૈસામાટે હાથજોડી ગરદન નમાવી દોડે છે કેટલાક તુજુમીજોગી ભુવા વિગેરે ધુપબાળી તાવભુત કાહાડવા ધારે છે પણ લલ્લુ કહેછે કે તે ઇસ્વરનીગત ઇસ્વર જ જાણે છે

કવિત. ૫

બાજ બન રીર્યો. ધન બ્યાજ વર ધીર્યો ઓર
લાજ તજ દીયો કીયો કાજ હીય કારીકો
નિંન્દા નીત કરે હરે પરધનકો ધાઇ કે
સબસો ઠગાઇ કરે. ધરી બદ કારીકો

માત ઓર તાત જુઠે. ભ્રાત ઓર ભગનિરૂ
સાસ ઓ સસુર જુઠે. નેહુનર નારી કો.
લલુ કહે ભુલી કૈસે ભટકે અબુધનર
રાખરે ભરૂસો એક કુંજકે બિહારિ કો

ટીકા પૈસામાટે બાજની પેઠે ફર્યાંને તે પૈસો વ્યાજ પરધીરયોલાજ તજવા સથે કેટલાંક હીચકારા પણાનાં કામ કીધાં અનેક જનની નિન્દા કરવી; પારકું ધન દોડીને લાવવું; ભુંડીચાલધરી, સહુથી ઠગાઇ પણકરી; માબાપ ભાઇબેન સાસુ સસરા તેમજ તે શીવાય નરનારીના નેહ જુઠાજ માનવા લલુ કહે છે કે હે અબુધનર તુ ભુલીને શું કામજીવને ભટકાવે છે મારૂં કહયુંમાનેતો તેજ પરમાત્માનો ભરૂંસો રાખ.

કવિત ૬

બોલેગર બોલ હુતો. તોલ કર બોલ બોલ;
નિતિવ અનિતિ નિજ. ચીતમેં બીચારી લે.
ચાડીરૂ અનાડી પન. મનસો અકારી ગીન.
ત્યુહુી પરનારી તજ કાજકો નિકારી લે.
ભાર મેંતુ નમૃતાસો. દિનકો ગુજારી લે.
મારી તું મમતા. કહે લલુ સજ સગતા કો
મારુે જગજીત બોલો, ઇતનો સુધારી લે;

ટીકા—હરેક બોલનો તોલ કરીને ભાખણ કરવું અનેનિતિ શું. અને અનિતિ શું; તે ચીતમાં વિચારી જોવી. તેમ

જ ચાડી ચાડીયાપણુ અનાડી પણ વગેરે મનથી અકારૂં ગણી પરનારીનો નેહ તજી ભવમાંથી મુક્ત થવાનું કામ કાડી લે. ભલાઇ સજવા સાથે બુરાઇ તજી નમૃતાથી. સહુની સાથે વર્તવાનું ધ્યાન રાખ્ય. લલ્લુ કહે છે કે મમતાને મારી સમતા અથવા. શાંન્તિ પણાને ધારણ. કરવુ જીવના સાર્થક માટે જો જક્તની જાળને જીતવા ચાહતો હોય તો ઉપર કહેલ દરેક ભેદોને સુધારી લે.

કવિત. ૭

નેક બન નિન્દા તજ ટેક એક સત્યધાર
સાંજ ઓ સબેર નામ ઇષ્ટકો ઉચારી લે;
ગાયા તજ ગાયાકર હરીફલ પાયાકર
પાપ તજ કાયાકર સુધ પ્રેમ વારી લે.
દ્વેસ તજ ડાર કુછ દીલમેં બિચાર યાર;
જુઠ મોહલોભ તજ મમતા કો મારી લે,
કપટી કુટી લપન લલ્લુ કહે તજી કર;
ચાહે જગજીત ઓતો ઇતનો સુધારી લે,

ટીકા—નેક અથવા ધર્મી બની નિન્દા તજી સત્યતાની ટેક ધાર. અને ફકત સાંજ સવાર તો તે ઇષ્ટનું નામ મુખથી ઉચ્ચાર

જુઠી માયા તજી હરીના ગુણ ગાયા કરીશ તો સુખ રૂપી ફળ પામીશ. પાપ તજી, પ્રેમ અથવા. દયાનું નીરમળ પાણી લઇ કાયાને શુધ કર. મનમાં વીચાર કરી સમજીને અદેખાઇ મનથી કહાડી નાખી. જુઠા મોહને તેમજ લોભ

અને મમતાને માર. (વીસર) તેમજ તારા કપટી. અને કુટીલપણાના અવગુણો કહાડ ને. લલુ 'કહે છે કે હે સુઠ પુરૂષ જો જકત જીતવા ચાહતો હોય તો આટલાં વાનાં સુધારી લે.

કુંડલીઓ. ૮

મુઠ મતી મંદ કુલ મત અન તન ધન સુખ ધમ.
સુખ સંપત સબ સ્વપ્ન હે. કોઇ ન આવે કામ.
કોઇ ન આવે કામ દામ પે મત લલચાના.
જાના નહી કભી ભુલ તુકુલકો ધર્મ બડાના.
ક્ષણ ભંગુર સંસારમેં. મત કરના અભીમાન.
લલ્લુ કહે લાખો મુવે રાવણ સમ બલવાન

ટીકા—તન ધન ધામ ઇત્યાદીકપર હેમતી વિનાના કુલાઇ જાઇસ નહીં એ સરવે સુખની સામગ્રી સ્વપ્ન સમ છે કંઇ પણ કામ આવવાનિ નથી. નાશવંત અને કામ ન આવે એવુંજ છે તો પછી તે ધનં ઉપર લલચાઇશ નહીં ને પોતાના કુળનો સ્વધર્મ ન ભુલી જતાં તેમાં વધારો કરી. અતી ધર્મ ચુસ્ત રહેજે અથવા બનજે. ક્ષણ ભંગુર સંસાર ને કાયાપર ભરૂસો રાખી અભીમાન કદાપી કાળે કરીશજ નહીં લલ્લુ ફરી ફરીને કહે છે કે રાવણ જેવા કેટલાક રાજા વીચાર વગર અભીમાનમાંજ મુવા છે તો આપણી શી ગુંજાસ છે.

સવૈય ૯

કયુ મન સોચ માહા કરીએ ધરીએ દુઃખ દેહનપે કોહુ કારન.
પ્રાનકો પીડ શરીર કો ભીડ હરી હર નામકો કાહે બીસારન.
સુખસે દુર ગયો હુ સેકૂર ઓ મુઢ મતી કયુ હેમન મારન.
સોચ બીચાર બીસાર તું યાર વોહી ગ્રહિ બાંય છુડાવનતારન

ટીકા હેમન કેમ ખોટાને નકામા વિચાર કરે છે અને અમુલ્ય દેહ ઉપર દુઃખના પાહાડ શા માટે ધરે છે. હે અ કલના અંધ પુરૂષ જીવને નકામી પીડા શા માટે કરે છે શરીરને શા; માટે ભયની ભીડમાં રાખે છે અને હરીહર એવા પરમાત્માના નામને શા માટે વિસારે છે. હે અકલ ના હીણા પુરૂષ ચીન્તા કરી સુખથી દુર થઇ સ્ત્રીથી ક્રુર બની શા માટે તું તારા મનને મારે છે હે મીત્ર એવાના વાલવને પકડ કે જેના હાથમાં તારવાની અને છુડાવવાની શકિત છે તેજ તને તાર શે અને છુડાડશે માટે તેના ઉપ ર ભરોસો રાખ.

સવૈયા ૧૦

જ્ઞાનકો ગ્રંથ ગુમાય ફીર્યો.ભત્તરત ભવ ભાન ભુલી ભટકાયો
સંગ સુસંગ કો સંગ નહી વકુસંગ કે સગ ઉમંગ મનાયો
મર્મ મહેશ તજી કરે કર્મ કુકર્મ અકર્મ નકર્મ કરાયો
ધર્મ અધર્મ કો ધ્યાન ધરેન અધર્મી અધર્મમે ધર્મ ગુમાયો ;
ફેર ફંતુર ફરે બફરે બી ફીરે અફરે બહુ ફુલ ફેલાયો
ખુબ ખેલ્યો જગ ખેલ ખેલાડી ખરેખર ખુબ ખુબીપરઆયો
મુર્ખકો લાખ મનાય કહુ મતી હીણ ન માને હજાર મનાયો
લલ્લુ કહે ભગવાન ભજે બીન ફોગટ જન્મ ગમા જગઆયો

ટીકા જ્ઞાન-રૂપીઅંથ ગુમાવી ભમરાની પેઠે ભુલીને ભવમાં શું ભટકે છે; સુસંગીનો સંગ નહિ કરતાં કુસંગીનો સંગ કરી મનથી ઉમંગ શા માટે માને છે; એહે સ । જકત નિયંન્તાના મર્મ (ભેદ) તજી દઇ કુકર્મ શા માટે કરે છે હે અકર્મી તે તા । કર્મ (નશીબ) ને પણ નકશી જોયું કે ધર્મ શું છે ને અધર્મ શુ છે તે બરોબર નહિ સમજતાં હે પુરૂશ તે અધરમ પણામાંજ તારા ધર્મનો નાશ કાધો હે ફરેબીફંદ ફીતુર ફરેબ વિગેરેમાં ફરી ભુલાઇ જાય છે પણ જાણતો નથી કે તેટલોજ પાપના હાથમાં તું ફસાય છે હે ખેલાડી તરકટ ભરયા ખેલ ખેલી (૨૪) ખરની પેઠે શું કરવા માહાલી રહયો છે હે મુરખ તને લાખ વખત સમજાવી ચુકયો પણ બુધી રહીત થઇ સમજતો નથી તો લલ્લુ કહે છે કે તું ભગવાનને ભજીશ નહી તો તારો ફોગટ જનમને જકતમાં આવ્યો વૃથા છે.

કવિત. ૧૧

સીંહ કે સપાટે કરે. ગજ કે ઝપાટે કરે.
ફુંડનાગ ડારે મારે. મોહેતીર જોરસો
ભુત હુ દીખાવે આગ કુંડ મેં ઝુકાવે તન;
ખાલ હુ ચીરાવે માર ડારે સીર જોરસો
નીરમે ડુબા અતિ ધુપમે ફીરાવે બીખ.
ઝાલકે પીલાવે ચાહે મોહે કાગી ભોરસો.
અહો જગદીશ. ઇતો દુઃખ દીજો મોહેપર.
મુર્ખ નાહી મીત્ર દીજે મોહે જાદ ખોરસો;

ટીકા- જો આ પ્રમાણે સીંહના સપાટામાં આવે, હાથીના ઝપાટામાં લાવે. યા. સાપ અથવા નાગના કુંડમાં નાખે યા ખીંચીને જોરથી તીર મારે. યા ભયાનક ભુત પીશાચને દેખાડે યા. અગ્નિના કુંડમાં નાખે યા શરીરની ખાલને ચીરાવે યા મગજના ફરેલ લોકજ બદસ્તિથી મારી નાખે યા. ઉંડા પાણીમાં ડુબાવે યા. ઘણા તડકામાં ઉઘાડે પગે ફેરવે યા. ઝેર ગોળીને પાય.

હે—જકતકૃતા કૃપાળુ પરમાત્મા આટલાં બધાં દુઃખ દેજે પણ લલ્લુ કહે છે કે એક સુંખ મીત્ર નહી દેતો કે જેથી ફરી પ્રાણુ જન્મ સુધિ પીડાય.

કવિત. ૧૨

જ્ઞાન બિન બુદ્ધ જૈસે. સાન બિન સુંધ જેસે
સુર બિન સુધ્ધ જૈસે તેગબિન માન્ય હે
નિર બિન નાવ જૈસે. સાર બિન કાવ્ય જેસે.
ભાવ બિન ભકત જેસે. તાલ બિન તાન હે
રામ બિન નામ જૈસે ધામ બિન ઠામ જેસે.
મર્દ બિન નાર જૈસે અંગ બિન પ્રાન હે;
લલુ કહે લાજ બિન રાજ સમ ધ્યાજ જાનો.
દાન બિન દાતા વાકે નાક બિન કાન હે.

ટીકા—જ્ઞાન વગર બુધ્ધિ સાન વિનાની સુધ્ધ સમજ વીનાનુ સુરાનુ લઢવું તે તલવાર વિનાનું મ્યાન સમજવું. પાણી વીનાનું જેવું નાવ. તેવીજ સાર વિનાની કવિતા સમજવી. અને ભાવ વિનાની ભગ્તી ને તાલ વિનાના

ગાયન બરોબર સમજવા. રામ વિનાનુ નામ ધામ વગરનુ ઠામ તથા. મદ્દ વીણનાર તે પ્રાણ વિનાનું અંગ સમજવું. લલ્લુ કહે છે કે ગમે તેવું રાજ હોય પણ લાજ નહી હોયતો તે રાજને ગંધાતી ડુંગળીની પેઠે સમજવું અને દાન વગર જે પોતાના મનને દાતાર ધારે છે તેને નાક વગરના ફક્ત કાન છે એમ સમજવું.

કવિત ૧૩

જો કર ઉઠાવે.સીર વાકો તો નમાનો પડે
ઓર કુછ ઝુકે વાકો ગરદન ઝુકાઇ એ
માનસે બુલાવે વાકે દાસબનજાવે ઘર
પ્રેમસે પિલાવે ચાહે બીકતો પીજાઇએ
જ્ઞાન કોહિ ખાવેકુછ. બોધકો બતાવે પુરો
સંકટ નિવારે વાકી ખીદમત ઉઠાઇ એ
લલુ કહે કવિયનકો સોમહુસે કહાકામ
આપકોના ચાહેવાકે બાપકોના ચાહી એ

ટીકા—જો હાથ ઉચોકરી આપણને જે પ્રણામ કરે તેને મસ્તક નમાવી નમવું જોઇએ અને જે આપણને નમે તેને ગરદન નમાવી નમવુંઆપણને માનથી જે બોલાવે તેના દાસથઇને તેને ઘેરજવું તથા ચાહંને ઝેરઆપે તે અમૃત બરાબર જાણી પીજવું. જે કોઇ જ્ઞાન બતાવે બોધકરે અને આપણને પડતાદુઃખનો નાશકરે તેની શેવાચાકરી કરવી લલુ કહે છે કે જે કંજુસયા પાજીહોય તેનીમારે તેમજ ક-

વિને પણ કંઈ જરૂરજ નથી માટે જે માણસ આપણને ચાહી-ચા પ્યાર ધરીને ચાહતો નથી તેના બાપને પણ આપણે બોલાવીએ નહી.

સવૈયા ૧૪

નકીસીકોભયો જગમે ઠગહી કુગમે તનકો ઠગમાનો
માતપીતા સુતભ્રાતસુતા અપને અપને ધરજી પેહેચાનો
ભીર પડે સબભાગ ચલે ધરનીપર કુદકરી રમખાણુ
હેમન ઐસી ઠગી જગમાંહી તો જોપ્રભુ બીતીવહીગહુંજાનો

ટીકા—કોઇ કોઇનું જગમાં ખપનું ઠેનાનહીજ. આજ કતના ઠગોમાં આપણુ સરીર પેહેલા નંબરનું ઠગ ગણાપાકે જેની છેવટસુધી ચાહના રાખીપણ ઠગાઇ પુરીઆપણીસાથે નજ આવ્યું માટે એનેજ ઠગ માનવું યા મારો માતપિતા ભાઇ બેટાબેટી વિગેરે સહુને પોતપોતાના સ્વારથીઆંજ સમજો જ્યારે મોહોતની વખતે પુન્યની જરૂર (ભીડ) પડે છે તે વખત સહુદુરનાસી જાય છે ધરતીપર રોઇ કુટીને રમખાણુ મચાવી મુકે છે પણ મોતની ભીડમાં કોઇ મદદ કરતું નથી. માટે લલુ કહે છે કે હે મન આવી ઠગાળી જગતમાં તો જે ઘડી આનંદમાં ગુજારી તેજઘડીને મનીમત માનો યા આનંદી માંજો.

સવૈયા ૧૫

કામ કે હામમે આપ પરે અરૂ રામકે ન મનો તાપ રહે કયો
ધરમ મે પાઇન ભાઇ હીયો રૂ સવાઇ કસાઇસો પાપ કરેકયો
નારસો પ્યાર અપાર કરેરૂ નહી ઘડી ચાર હરી ઉચરે ક્યાં

નેન હુતે બની અંધ તું મોહકે લક્ષુ કહે કુપ માંહી પરેકયો

ટીકા—કામદેવ યા જોબન ના ફંદાશાં પોતે પડે છે અને રામના નામથી તાવ આવે છે કે શું ધરમના કામમાં તો એક પાઇ ન આપી કસાઇથી સવાયા પાપ એક દીવસમાં પોતે પોતાને માટે કરે છે. અંધાનીશ હક વગરની મોહોબત કરે છે ને ચાર ઘડી પણ હરીનુ નામ મુખથી કેમ ઉચરતો નથી ઉજવળ આંખ્યો છતાં મોહથી અંધ બનીને લક્ષુ કહે છે કે કુવામાં પડવા કેમ માગે છે અરથાત મોહના કુવામાં પડયો. પછી નીકળવાનો રસતો જડશે નહી યા છે નહી.

સવૈયા ૧૬

રામનકેતકે ગામ તજો નીજ ધામ તજી કે બદેસ બસાવો
કોહુકો કેંન બીયોગી બનો તુમજો ગીઅની તનભ સ્મસ ગાવો
વો નહીં કેતકે ભુખ સહીકે શરીરકો સંકટ દેઇ દમાવો
વો હરહાલમે આનમીલે તુમકોઇ તરાજો હરીગુન ગાવો

ટીકા— ઇશ્વર કોઇને એમનથી કહેતો કે તમે તમારૂ ગામ યા ઘરબારતજી પરદેસજઇ વસોને ત્યાં મારી ભક્તિકરો તેમજ કોઇને એવુંપણ કહેતો નથી કે વીયોગી થાવ યા. જોગીઅની સરીરે રાખલગાડી ફરો વળી એમ પણ કહેતો નથી કે તમે ભુખ્યા રહી યા અપવાસ કરી તમારા શરીરને કષ્ટઆપો એતો ગમેત્યાં ઠેકાણે ગમેતેવી હાલતમાં આવીમળે તેમ છે માટે લક્ષુ કહે છે કે એના પરી ક્ષા હોને તમે ચાહો યા તેના ગુણનું ગાયન હૃદયમાંજ ગાયાકરો

સવૈયા ૧૭

સ્નાન કીયો જમના જલતો કહા.
જ્યાંલગી પ્રાનન સુધ્ધ બનાયો
જોગસન્યાસ લીયો તો કહા
જબ ધર્મદયા હુકો નામ ગુમાયો
બ્રહ્મકો બેદ પઢડયો તો કહા
જબ આપહી બેદકો ભેદ ન પાયો
ત્યું યહ જન્મ ગુમાયો વૃથા ધિકક
આયો જો રામકો નામ ન ગાયો

ટીકા—જયાંસુધી પ્રાણને સુધ્ધ નથી કર્યા તયાંસુધી જમુનાજીના નિરમળ નિરથી સરીરે નાહયો તે શા કામનુ ધર્મ અને દયાનુનામ મનથી ગુમાવી. જોગીયા સન્યાસી બન્યો તે પણ સા કામનુ જયાંલગી પોતાના વેદનો ભેદ યા મર્મ ન જાણ્યો ત્યાં સુધી બ્રાહ્મણ વેદ ભણ્યો તે સા- કામનો લણ કહે છે કે આ જન્મ વૃથાજ ગુમાવ્યો. અને તારા આવવા પણાને પણ ધિકાર છે કે કોઇ વખત તેં રા- મનુનામતો નજ ગાયું તો મનુષ્યા દેહમાં આવ્યો પણ સા કામનો.

કવિત. ૧૮

દેખકે સુથી મીત્ર નકી. મીત્રતા બઢાયાકર
જાયા કર દેવ ધામ નામ ત્રીપુરારી લે.
ગાયાકર સત્ય હુકો. પાયા કર હરી પદ
સીરકો નમાયાકર ક્રોધકો બિસારી લે.

સંત હુકી સેવાકર મેવા ગુન જ્ઞાન ગ્રહી,
ભવજલ બીકટસે તનકો તુ તારી લે;
અહો ગુનવાન પ્રાણુ લલુ કહે ધ્યાન ધરી
ચાહે જગજીત બોલો ઇતનો સુધારી લે

ટીકા— સારોમીત્રકરી તેની મીત્રતાને વધારતોજા ને હમેશ દેવમંદીરજઇ તેના નામનુ રટણકર હરીએવા પરમાત્માના પદ કહેતાં ચર્ણનુ શેવન કરી સત્યનુ ગાયન ગાયાકર તારા મુસ્તકને નમાવી મનમાં થતા કુટીલ ક્રોધાગ્નિને બુઝીજા મેવારૂ પીજે ગુણ અને જ્ઞાન છે તેને ગ્રહણકરી હરીનાદાસ એવાસંત પુરૂષની શેવાકર અને આ ક્ષણભગુર દેહને જળરૂપી દુનીઆમાંથી તારીલે લલુ કહે છે કે હે ગુણવાન આત્મા જો તું જક્તને જીતવા ચાહતો હોયતો ઉપર કહેલા વાકયો ઉપર પુરતુ લક્ષઆપ અનેતેમાં બતાવ્યા પ્રમાણે વર્તતારી કુચાલને સુધારી લે.

कळजुग विषे.

કવિત १९

નૃપતિ કો નાય ગયો. અનિત અન્યાય ભયો
ધર્મવાન છોડી ધર્મ. અધર્મ કો સ્હાયો હે.
પંડીત કો જ્ઞાન ગયો. દાન ગયો દાતાર કો
ગાય કકો ગાન સબે જ્ઞાત મેં ગવાયો હે.
શુરા હુકો શુર ગયો. નરમેં સેનુર ગયો
દયા વાન ક્રુર બની. ગરિબ સતાયો હે.
લલુ કહે ચલો ચીત. ચેતકે ચતુર નર
કઠીન કરાલ કલી કાલ ચઢ આયો હે.

કવિત.

અંધો યા અપંગ કો ન કોઢી કે દીલાવે ચને
બેશ્યા ઘેર જાય ધન માલકો ઉડાયો હે,
મીત્ર ગુન ગામી આજ નીકલે હરામી કામી
બુરાઇકો કુપ નામ ભલો હીડરાયોહે.
દેખેંન બહુનન તો ભાનજી ભતીજી દેખે
મોહ ધરી આપ કુલ કાલો હિંમતના ચોહે
લલ્લુ કહે ચલો ચીત ચેત કે ચતુર નર
કઠીન કરાલ કલીકાલ ચડ આયોહે

કવિત. ૨૦

જોગી જોગ છોડકે. સંયોગી ભોગી ભયે આજ
બ્રમ્હચારિ વ્યભિચારી દેખ નમેં આયો હે.
મીત્ર નકી પ્રીત ગઇ. રિત નકી રિત ગઇ
પ્રેમકી પ્રતીત ગઇ જુઠ હી છવાયો હે.
સ્વધર્મ કો નાશ ભયો. ઓર વિસ્વાસ ગયો
સમતા સિધાઇ ઓર દ્વેશ બઢપા ચોહે
લલ્લુ કહે ચલો ચિત ચેતકે ચતુર નર.
કઠીન કરાલ કલી કાલ. ચઢ આયો હે,

કવિત.

જાકે કામ કાલે વોતો બને પંચ વાલે ઠાલે
અનીત અન્યાય સબે જ્ઞાતમે ફેલાયો હે
ભજન કો નામ ગયો સબેબદ કામ ભયો
ઠામ ઠામ ઠગ બેઠી ટકીઓ લગાયો હે.
કુલીનકી નાર વાકો પાંજરેસો લગે ઘર

ખાંજરેમે જાય ઘડી ... કો બેઠાયો હૈ
લાલ્લુ કહે ચલો ચીત ચેતકે ચતુર નર
કઠીન કરાલ કલી કાલ ચડ આયો હૈ

કવિત. ૨૧

પતીવ્રત વારિ નારિ બારિ વ્યભિચારિ ન્યારિ.
સતિ નામ ધારિ નેન ઓરસે લડાયો હે.
મેહ નકી લૂણી ગઇ. સૂષ્ટમે કુ દષ્ઠિ ભઇ
ભુમી ભઇ નષ્ટ કરષ્ટ કારી દિન આયો હે.
મંદીર કે વાસી પ્રાન મદીરા નિવાસી ભયે
સંન્યાસી વિલાસી બનજો ગકો લજાયો હે.
લલ્લુ કહે ચાલો ચિત ચેતકે ચતુર નર.
કઠીન કરાલ કલી કાલ ચઢ આયો હે.

કવિત.

ગુરૂકો નમાને જોગી જતીન પીછાને. રાંમ
કથા કોન ભને ગીત નાટક ગવાયો હે
પ્રધ હિકો હુસે કસે કોટ ખાટલુન મોજે
જાકીટ ખમીસને કટાઇ કોલ ગાયો હે
આપ ચાલ છોડકે કુચાલમે બે હાલ ભયો
મારકે તમાચે મુખ લાલહી બનાયો હે
લલ્લુ કહે ચલો ચીત ચેતકે ચતુર નર
કઠીન કરાલ કલી કાલ ચડ આયો હે

કવિત

સોમ ન્યીરદાર ભયો કલીયોકો ભારમયો.
રામનામ તજી ગુન દામહીકો ગાયો હૈ
જુઠ રોજગાર ભયો આચાર બીચાર ગયો
અસત સંસાર ભયો સતકો ગુમાયો હૈ
યાતેતો અધીક કેતે ધીકારકો કામકરે
યથા મતીએતો સાર અસાર સુનાયો હૈ.
લલુ કહે ચલો ચીત ચેતકે ચતુર નર
કઠીન કરાલ કળીકાળ ચડઆયો હૈ

ભાગ બીજો

શૃંગાર રસ.

સવૈયા ૧

સુંદર સામ મનોહર નામ અતિ સુખધામ છબી દરસાતી
મોતનમાલ બીસાલ કૃપાલ દયાલ કે ગાલ લટે બલખાતી
પ્રીત પીછોરી પ્રભુ તન હોરી કરે બ્રજખોરી ભલીમનભાતી
લલુ અનાથ કે હો પ્રતિપાલ સુ નંદકેલાલ બસો મમછાતી

સવૈયા ૨

મોહભરે અતિરૂપધરે અરૂશુદ્ધહરે બનીકામકી કાતી
ઔસીધરે સુખનાદકરે ઘરત્યાગ કરી કે ગુવાલની જાતી
હો અલબેલે અતિરસખેલે રૂતોપર તાપસો પીરસમાતી
લલુ અનાથ કે હો પ્રતિપાલ સ નંદકે લાલ બસો મમછાતી

સવૈયા ૩

મોહનમોર પખાસરસોહન ગૌધન ચારતા હૈ સજની
વોબન આવત મોંમન ભાવત સુપન આવત હૈ રજની
બેરહીબેર અબેર સુબેર સુમેરત હેરત હું ભજની
લલુ અનાથ કે નાથ કે હાથમેં સુંદર સોભત હૈ બજની

સવૈયા ૪

નન આગ ઉઠે ઘનશામ રૂઠે બદરા ગરજે લરજે જીયરા.
સખી કયા ઉચરૂ મનમાંહિ ડરૂં માહા દુર બસે સુખકે દીયરા
ઘનઘોર ઘટાચડી ઓર અટા રતિ રંગ રમે ઘનવા તીયરા
સખીરી ધીક જીવન કહે લલુ જીનકે પરદેસ બસે પીયરા

કવિત ૫

એક દિન સાંવરે નેબદેસકી બાત કીની
તાદીનસો નિ દનાતી છાતી ચર ચરૂમે
ધરૂ ડગડગ પાય નિરનીજ નેન આય.
ઝલો નાસો હાય કાય ધરનીપે પરૂમે
ખાત નહિ ગાત નહી બાત નહિ નાત નહી
ત્યુહી દિનરાત પ્રાણ કાંનહી ઉચારૂ મેં
લલુ કહે લાલ હેગો પાલ મત ત્યાગી ચલો
અંગ હુમે લાગી આગ તાસો ઝર ઝરૂંગે

રાગ ઉપરનો ૬

પ્રીતમ પીયારે પરદેસ જાય ઠારે રહે.
સારે દુ:ખ ભારેભારે સરપે ઉઠાવું મે,
મેધનકી ઘાર શોર ચોતક ચકોર મોર;

કરતની હૌર શોર સુનકે આકલાવું મેં.
એરી નીંદ વૃક્ષ હું કેલી કર રહી આજ,
સુંદર નવેલી યાં અકલી કસ પાઉં મેં;
હરે નંદલાલ હે ગોપાલ [illegible] [illegible] [illegible].
લલ્લુ [illegible] આવો નસતાવો [illegible]

[illegible] ઉપરનો નં [illegible]

કોન [illegible] [illegible] [illegible] આઇ [illegible] [illegible].
પ્રેમકી [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] દુખ સહિ [illegible] [illegible],
કાસોએ બીપત [illegible] [illegible];
આપ કરે રાજધાન [illegible] [illegible] [illegible]ખાંની.
હમકો કુવેમેંડાર આપ[illegible] [illegible]
ચીત ચોર લે ગએ [illegible] [illegible] [illegible]ચેતચુ;
અમૃત પીઆપ હમે [illegible] ગુ[illegible] ગયે.

રાગ ઉપરનો નં ૯

સખી સબ જાતી નીજ મનમેં હરખાતી હે.
હસતી હસાતી સબે રાધે અલબેલી કો,
લટકે સે ધરે પાઉ લટકે લટકે પરી
જોબન ઝટકે ચીત છટકે નવેલીકો
કરસે કર ઝાલીદે તાલી ખુશ હાલી આલી.
રાધે રૂપ વાલી આજ ચાલી રસ રેલીકો.
જમુનાપે જાય ખરિ વસ્ત્ર કો ઉતાર પરી,
રાધીકા રસિલી આજ કરે રસ કેલીકો;

સવૈયા ૯

નાર સબે જલ માંહે પરી તબધાયેક આયે તહાં બનમાલી.
સોચંત કાનએ નાર નાહાંત હે નગ્ન રેનાન કરે બનકેલી.
લાજકી છાપ બીઠાવન કાજ રચેકી કરૂં ગામે આજ બેહાલી.
બોલઇતો સબ વસ્ત્ર રાખે હેકે કાન ચડે એક વૃક્ષકી ડાલી.

છપો. ૧૦

હસત કૃષ્ન સબનાર નીરમે મીનજયું માલત.
તરત કરત તોફાન જાનકે નીર ઉછાલત.
આહી કરત ઉલ્લાસ. વીલાસ સબે કર રે હે.
એક નારકી દ્રષ્ટ નીકટ ત્રઠ પર તબ જે હે.
કહત હાય એહુ કોઉ ગજબ કોન ચીર ચોરી ગયો,
કહે ગ્વાલની મન ગભરાય કે ચમત કાર કેસો ભયો,

કવિત. ૧૧

તબે ગભરાઇ ઓર અતી અકુલાઇ સબે
શરમાઇ સોહનીરૂ મોહની સુઝાત હે
સુજ નરપત એક એકસો બુઝત બાત
કહોરી એ કોન ગત ભયો ઉતપાત હે
કોઇ કહે ચોર લીયે વસ્ત્રકો ઉઠાય ચલ્યો
કોઇ કહે હવાતો ન લઇ ઉર જાત હે
કોઇ કહે ધરા કોપ કરકે સમાય દીનો
મેરે હીયે બાજકી ઝપટ ચોટ આત હે
લલ્લુ કહે એસે ભેદ સ્વશ્ય કે અનેક ધરે
કોઇ નહીં જાને કાહાન કપટી કી બાત હે

સવૈયા. ૧૨

કોઇ કહે મમ સાસુનકો સુનબોર કુરબેન અપાર પરેગો
કોઇ કહે મમ દેવર દ્વેશ ધરી કે કુજેત અપાર કરેગો.
કોહુ કહે મો અનાથકો નાથ અવાસકે બાર નીકાર ધરેગો
કોહુ કહેન નદીકો હમેડર કોહુ કહે મોરો જેઠ લરેગો

છપો. ૧૩

નીજ ઘર ડરકી બાત કરત ભલી ભાત સુંસારી.
ફીકર કરત ચીત માંય. ધરત ઉર શોક અપારી.
અબ કયા કરે ઉપાય. હાય ગઇ લાજ સબેકી
જરતન કોહુ ઇલાજ નિરખે ખડીક બેકી.
ઇતને મેં એક નારકી. વૃક્ષપે દ્રષ્ટી જાપરી.
કહે અલી વોહ. કોન હે. તબેં કહે રાધે હરી.

કવિત.

અહો કાન દાની. કીની એસી ખાન દાની કે જો.
સરિતા કે તીર ચીર ગોપીનકો ધારે હે
ચિત ચોરનારે પ્યારે. ચીર ચોરનારે ભયે.
તાપે ધિર ચોરનારે તોસે ઠગ થારે હે.
નારી નકી લાજ લુટ બેકે કાજ આજ એસો.
કાજ કરિ નંદ લાજ. હાથસોં બીછા રેહે.
નંદ કે કનાઇ કૃપાકી જે વસ્ત્ર દીજે આજ
સબે સરમાઇ ખરી તો હે હાથ જો રેહે.

સવૈયો.

કહેત મોરારી. અહો બ્રીજનારી. સબેંકી સીધારી. કહાં
સુધ સારી.

વસ્ત્ર ઉતાર જમીનપે ડારકે. ધાયકે જાય પરીતુ. મવારી.
ચોર ગીનો યા ચકોર ગીનો તુમ તાકો જવાબમેં દેત ઉચ્ચારી
જો તુમ વસ્ત્રકી ચાહ કરો. એક વાર ભરી ડગ આવોકીનારી

છપ્પો.

કહત નાર સકુમાર પ્યારકી એ નહી રીતી
તુમ જીયરા અકુલાય પ્રેમકી એ નહી પ્રીતી
હમકો બહાર બુલાય હર્ષ અતિ માનત મનમેં
તુમહો રાજકુમાર પ્રજા પીડ હોગે જનમેં
પ્રજા લાજલીએ રાજતો જાયદાદ કહે કો પ્રતી
લાલલાજ તુમ હાથહે ચાહે કરો અબલા ગતી.

કવિત.

કા— કહેત મોરારી તુમસારી હો ઠગારી નારી
જાનત હું મીઠે બૈન કહીકે લોભાતિ હે
ગા— ધુતારી ઠગારી ચાહે મન હરનારી કહો
આજ હારી નારિકાન તોસે શરમાતી હે
પ્રેમકે નીવાસી કહાન ડારી આજ હુંસેતોરી
કસમ લેવારિ હાથ સબેમીલ ખાતી હે
તબે કહાન પ્યારે કહે લલુ વસ્ત્ર ડારેસારે
અંગકો છુપાતી શરમાતી ઘર જાતી હે

કવિત ૧૭

મફુરો સી મુરતી વ ફુરતી રીરન હુકી
ફુલી ફુલી હયકલી કેલીકી નીશાની હે
બેલીજયું બસત હુકી વેસીયે નવેલી સંગ

ઝેલી રસરેલી યાલી સેલી જો નીવાની હૈ
ખાતી મદગાતી ગદછાતી મદમાતી મદ
પીરે દીન રાતીઆતી જોબન જુવાની હે
બેલી જો રૂપાલીસંગ ખેલ્યો નરમહાલી નહીં
લલુ કહે ત્યાંકીયુ અકારી જીન્દગાની હે

કવિત ૧૮.

જમુના રાજાની હૈ છુપાતી જાતી છાતીનાર
આતી મદમાતી તાતી રાતી યે રૂપાલી હે
નેનકો ન સાન મહાની નેહકો દીપાતી જાતી
મોહમે ફુલાતી જાતી ફુંદફુલ ડાલી હે
મંદ હરખાતી સુખવ્યંદ મદમાતી નાર
સુગ્ધા શરમાતી ભરમાતી મોહકાલી હે
લલુ કહે શાનિ મન માની દેશ જાની સેવે.
બીના નાર એસી જીન્દગાની નાર ઠાલી હે

કવિત. ૧૯

પ્રેમ હુકી પ્યારી. અરૂ કામ હુંસ ત્રાસીબીન
ચેન હો ઉદાસી. સાંસી હાય હુકી ભરે હૈ
ભેટ ન હુલાસી જાય વાયક અગાસી પર
બોલત વીલાસી શામ. પીયુહી ઉચરે હે
પ્રેમદા પીયારી રતી રૂપસો રૂપાળી નાર
કામહુકી જ્વાલા તન તાપ બન ઝરેહ
લલુ કહે કામીનર એસી બીન કામી કર
મથા જીન્દગાની ધુલ ધાની નર કરેહે.

કવિત ૨૦

કહુ કયા મે બાત રાત આજકી રસીલી કટી.
કામકી કલીસી કોઇ કામની દિખાઇ હે.
બોલી પર ભાન નહી સુગંધા પર માન નહી.
પ્રેમ હુકી પુતલી હો ખ્વાબ મેવો આઇ હે
હસકે હસાયો મદ મોહ મે ફસાયો મન
એસો મેની ઠોર ખોર આંખ ખુલ જાઇ હે.
અબતો હુજાર બાર લલુ એહ ચાહે ચીત
ખ્વાબ કબ આવે એહી ખયાલમે સમાઇ હે.

કવિત ૨૧

કહુ આવ પ્યારી સુ કુમારી કહે હારી શામ,
કામી હો કઠોર કીની મોહે મત વારી હે
કહુ બાત છાંની કે ગુમાની દુર ઠારે રહો
ઠાની હેની ઠેરી ઢીઠ બડે વ્યભીચારી હે
સુકતા ગાલ દઉ કહે મોતન કો હાર દઇ.
ધુતન અમુલય છીપ દીલમે બીચારી હે,
લલુ કહે બેઠમે ઝુગુન કહે ભોરી નહી.
દેવર સોંસોવે સોંયાં બંન્દી નહી નારી હે

કવિત, ૨૨

સુંદર અલબેલી એન વેલી ઝુકેલી નાર
એક નેન સૈન સે. અનેક તીર મારે હે
કાલે ઘુઘરા લે બાલ ગાલ પે પેરે હ આન
નાગની જયું પુષ્યપે અનંત પ્રેમ ધારે હે

કામની હુલામની સોહામની હુરે હે સુધ
લલના કો દેખ બુધ ચાતુર બીસારે હે
લલ્લુ કહે પ્યારી કારા નેનકી કટારી નસે
એકહો મરોર મેં કરોર માર ડારે હે

કવિત ૨૪.

ચંદકો ચકોર ચાહે મેઘનકો મોર ચાહે.
જેસો નટઢોર ચાહે તેસો મેં પીયારીકો.
ચાહત પતંગ દીપ મોતીનજ્યું હંસ ચાહે.
ભવરા કલીન ચાહે ચાહે મીન વારીકો
બગીઆ બસંત ચાહે બીરહીજ્યું કામ ચાહે.
કામનીજ્યુ શામ ચાહે જેસે ફુલ વારીકો.
લોભીજેસે દામ ચાહે સુખીયા સુરંગ ચાહે.
લલ્લુ ત્યુહી ચાહે ચીત. ભોરી સુકુમારીકો.

કવિત ૨૫.

ચોલી ચુવાની ભોલી છતીઆં છુપાની પ્યારી.
બાલહુકી બેની સોબહેનિ બીખરાનીહે.
ગાલ હુ ગુલાલનપે દાગન લગેહે દંત.
નેનનકો અંજન બવાયોયે તુફાનિ હે
ભુલી સુધસારી પ્યારી ભારી હો બેહાલી અલી.
ઝાલી રહી નાભીસોયે સાડી ઉલજાનીહે.
લલ્લુ કહે લાડલીએ ધ્યાનસે પીછાની બાત.
સાવરે નેકીનોતાહે બાવરી દીવાનીહે.

કવિ ૨૬

સાવરે સલોંને પલકો કે મે કરૂ બીછાને
છાંડદાએ જાદુને બાંસુરીકે શોર કે.
આંગન આંગન જીન માખન માગત જાત
રાજન સુજન તજે કાજન એ ચોર કે
દાન કે કારન અપમાન સહો માંનતાજ
જાન કે કયું કરત હો કાજ એ છીછાઃ કે
દધ ચોરે ક્ષીરચોરે અહીર કે ચીરચોરે
લલુ કહે નીતચીત ચોરત બટોર કે

કવિત ૨૭

બાંસુરીકી બેસુરી બનાવ કોઇ સુરનર
ગાપી કે સુધર મનહર લીએ બાંસુરી.
તાંનસીબહરકત હરકત કરેતાન
ખરરર કરે અરકત તનફાં સુરી
આજ એક ઐસી ધુનઆન પરી કાનનમે
જાકે સુનએસે આંખ આયે પ્રેમ આંસુરી
હરી ચીત લે ગએ હરીહીનામ દે ગએ સે
હરીયાદ આએ દેખ હરી હરધાંસુરી

ભાગ ૩ જો

આત્માને બોધ વિશે.

ગાયન.

લયલી લયલી પુકારૂ મે બનમે–રાહ
અનવા મેલતુ માજ વિશારી

ફાની દુનીઆથી મનને લે મારી.
જગમાં કોઇ નથી મુકતારૂ
શાને કાજે કરે મારૂં મારૂ
કાળ આવે થશે અંધારૂ
પછી ખોળી શકયાં તારૂંમારૂ
હજી સમજી લે બાજી સુધારી-ફાની દુનીઆથી
બાપ મા બેન ભાઇ ભોજાઇ
જરથી રાખે સર્વાએ સગાઇ
તારી પાસે નહી હોય પાઇ
(તો)- તુને પાશે ન કોઇ દવાઇ
વરમી મનવા તુ જોને વીચારી-ફાની-દુ
દસપાંચ વરસ બાળરાજા
ત્રીસ વર્શે જુવાનીની માઝા
ચાલીસે લોભને ફંદ ઝાઝા
પુરાં વાગ્યાં પચ્ચાસનાં વાજા
ત્યારે જાગ્યો જગતનો જુગારી-ફાની
ખુબ ખેલ્યો ખેલાડી તું ખેલ
રતિરંગ રમ્યો રસચેલ
મહાલ્યો મોઝમાં વેળ કવેળ.
હઠીઆ સમજી હજી હઠમેલ
થાવા ધારેહજી સુખકારી-ફાની-દુ
યમદુત આવીને હાથ પકડશે
લોહ બેડીથી બાહુ ઝકડશે.
લોહુ દંડ તણા ઘાવ પડશે

ત્યારે હાય કહી કહી રડશે, ભુંડી હાલત તારી થશે-જ્ઞાની
સમજુ હોય તો મનમાં સમજજે, જુઠાં જક્તના જાળને તજજે.
રામનામ અલંકાર સજને, પ્રભુ પ્રભુ પ્રાણી તું ભજજે.
ચાલ ચાતુર ચીતમાં વિચારી-જ્ઞાની-દાસ લલુ કહે તે તું કરજે.
એક પળ નવ પ્રભુ વીસરજે, સુખ દુખમાં સદા ધીર ધરજે.
પરસ્ત્રીને ધનપર હરજે, માઠા પાપથી મુક્તિ થનારો-જ્ઞાની-૬.

ભુજંગી છંદ ૨

અરે તું કરેશું વૃથાવાદ ઠાલો
ફરેછી તું ફુદી ભરે ફુદકાળો
સદા તું તજીને નઠારા વિચારો
જરા જો વિચારો જરામાં જનારો- ૧
છબીલા છબીલી પ્રીયા સંગ મહાલ્યો.
સદાચાર ચંડાલની ચાલ ચાલ્યો.
કર્યાં પાપતેં આપ હાથે હજારો-જરાજો વિચારી
ઠગારા ઠગીલા ઠગોમાં ઠગીલો.
કરી કર્મ કુડાં ફરે તું છબીલો.
ભજી લે હરી જન્મ ચાહે સુધારો-જરા-૩.
નકામાં સદા કામ કામી કરે તું
તજી રીત નિતિ અનિતી ધરે તું
સુખી તે દુખી દેખતામાં થનારો-જરા-૪
કહે શું તું લાવ્યો એને લેઇ જાશે.
રૂડા દેહના તો ભુંડા હાલ થાશે
ગયા ભુપતી રાયરાણા હજારો-જરા-૫
નહી કાંમના આપને ભ્રાત તારા
જશે તું યા તે તો તજીને જનારા

નહિ કોઇ જામીન તારો થનારો-જરા-૬.
કર્યું જે હશે પાપને પુન્ય હાથે.
મરે ત્યારે તે આવશે તુજ સાથે.
જડે ન કશાં પાપનો તયારે આરોજરા-૭
અતિ સુદ્રપના લોકના બોલ બોલી,
કહે દાસ લલુ હજી એહ ખોલી.
તરે રામના નામ જાના કીનારો - જરાનો.-૮

કુંડળીઓ. ૩

ભાશણ કરવું રીતથી, બીન રીતે પતજાય,
ભાગણથી ભવમાં ભલો ચાતુર જન કહેવાય
ચાતુર જન કહેવાય થાય કીરતી બહુ નારી
ભારી બુધ્ધ જાણ વાણ જગમાં સુખકારી
મીઠાંમીઠાં વચન જે ઉચરે જન ગુણવાન.
લલુ કહે તે સુંદનર પામે સુખ ધનવાન.

દોહરા ૪

કપટી ઝાઝા જક્તમાં નિષ્કપટી કો એક.
નોંશ કપટી કેમ નસીબ કે જ્યાં કપટી જન છેક.
કુળકુળ નૃપતી નાર બેગાઇ પતિજન રહેઠાણ.
ભલાઇને નવ સંગરી બુરાઇ થઇ પટરાણ.
હે જીવ આવી જકતમાં કાં તું કાંઇક શુ કર્મ
વીરૂધ શ્રદ્ધીના કેમકરેવીચાર તું તુજ ધર્મ.
સુરખ સુખ દીન ચારનું દુઃખઝાઝુ પરમાણ.
જો ચાહે જગજીતવા તો બંગણ તું સમાન.
વહેમી કાન ન રાખીએ ભાખીએ નવ બહુંવાણ
હેત દયા સમ રાખીએ, મધુરવાણ સુખખાણ.

જન છત્તર બીન્દુ સમાં પાતરમજા મોઝાર.
સમજી આયુષ સ્મરણ કર પહચાહે કીરતાર.
દુનીયાં ગરજુ દામનો કામની ગરજુ શામ
ગરજ અની સો કામની બીન અની ગરજ કાંમ.
ગંધા તુરંગજો સુખ મીલે તો વોહો સરતાન
નીચ ઉંચ જન બન સકે હૈ સો હો ગુનવાન.
સુખ સંપત પર કુસમતકુ સમ તુ કરમાય
એ દીન જો ગત આ મીલે. સોગત પીછેજાય

મનહર.

ગણીકાની યારીમાં ખુવારી ભારીજનની છે.
વેશ્યાવાસે વસનારા થયેલા જુગારી છે.
કુળનું કુળાવોનાશ કરે બદકામી કામ
દામથી બેદામ કરનારી પરનારી છે
ધર્મ મુકી બાજુતાજુ હોટલોમાં ખાવાજાય
દારૂથી શરીર તણી સુખકારી ધારી છે.
ઘેરથી ઘરેણું લેઇ જાય તે ગણીકા ઘેર.
કહે પ્યારી પેરતારી પ્રીતરીત ન્યારી છે.
માતતાત રડી રડી કહે અરે પુત્ર પ્યારા.
દાગીના કયાં વેચ્યા આશી બુધ્ધિ આડી તારી છે
ઘરમાં ન લાગ ફાવ્યો ત્યારે તે ગમારે પોતે
ચોર કરવાની વાત અંતરે ઉતારી છે.
શેઠના ત્યાં ચોરીકરી તેવામાં પોલીસે ઝાલ્યો
થતાં ઇનસાફ તેને કેદમળી ભારી છે
લલુ કહે જ્ઞાનવાણી સમજી અંતરે ધારો
ગણીકાની યારી અતી દુઃખી દુખ કારી છે.

कळीयुगनी काहाणी.

મનહર છંદ.

ફુટેલા છટેલા ફંદફેલથી ભરેલા ગણ્યા.
ફુડમાં ફુલેલા ઝાઝા જુવાનીયા ફરે છે.
વાંકી મુકી ટોપી તેતો ઓપી કે ન ઓપી જોવા.
આઇનામાં આંધળાની પેઠે મુખ ધરે છે.
વીલાયતી બુટસુટ કોટ પાટલુન પેરી.
ફરવા છીનાળી ઠાલા ઠાઠમાં નીસરે છે.
નીતીવાન નારીની ખુવારી કરવાને ભમે.
લલ્લુ કહે કુડો કળીકાળ પગ ભરે છે.

વડીલની માઝા મુકી, ઝાઝા બેશરમ બને
ધર્મને કોરાણે મુકી, અધર્મને ધરે છે.
બાપને નગણે બાપ, સાપ પેઠે ઝેરી થઇ.
પ્રેથ તણું વંઠેલાવો, અપમાન કરે છે.
શીખામણ દીએ મોટો, તેને કહે સોટો મારૂં.
મોહઘેલા બાયડીને ખુણે કરગરે છે.
નિતિ ગઇ રીતી ગઇ માન સનમાન ગયું.
લલુ કહે કુડોકળી કાળપગ ભરે છે.

મનહર.

વડાની જે બેઠી તેતો વિવેકથી બેઠી રહે.
સુધારો કુ ધારો ગણે, કુધારો સુધરે છે.
તજી લાજ સાસુ સસરાને જેઠ જેઠાણીની.
ઘરમાં ઉઘાડે માથે ધણી સામે ફરે છે.
અસલ તો સાસુ થકી, વહુ ડરતીને હવે.
આજ કાલ વહુ થકી, સાસુ બહુ ડરે છે.
સુચાલ સીધાયો આયો કુચાલનો આડો આંક.
લલુ કહે કુડો કળીકાળ પગ ભરે છે.

नठारा नाटकनु चेटक.

મનહર છંદ.

નાટકના ચેટકમાં છેતરનો સાર જોયો.
કારભાર આખી દુનિયાથી અતી ન્યારો છે.
દશ વીશ હજાર રૂપૈયા ભેગા કરી બાદ.
કેલાક ને રાખે હાથ નાખે આખું સારો છે.
કરે ભામટા ના જેવા ભેગા એક ટર સહુ.
કહે એક નેક મેનેજર, હુક તારો છે
જાય છોકરાઓ લેવા, તેમાં ખર્ચે પાનસોનું.
પાંચસો તેમના તાતને દેવાનો ધારો છે.
પેન્ટરને સુતારને, ભેગા કરી જુદા જુદા-
ઠરાવે પગાર ત્રીશ વીસ ભાઇ તારો છે.
લેઇને હજાર જાય બજારમાં ઝટપટ.
ખોટો માલ વોરે પણ, ધારે મન સારો છે.
ડ્રેસ ભરવાને જર, દોસ્તને બેસારે ઘેર.
ઝીક બધી સોંપી કહે અકિતયાર તારો છે.
પણ ભાઇ ડ્રેસ એવો—ભભકેથી ભર સારો
જોઇને જનો કહે કે—મોરબીથી સારો છે-૨
જર દોસ્ત જરના પડીકાં ઘાલી ખીસામાંહી
સાંજ પડે ઘેર ચાલયા જવું એવો ધારો છે.
ગાવા માંહી તાલ સુરનુ ઠેકાણું હોય નહી
મેનેજર કહે અલ્યા રાણી પાઠ તારો છે
લેસનમાં રોળ વાળે રમતમાં જીવ રાખી
પછી શેઠ કહે દંડ ચાર આના તારો છે.
એકટર સંપ કરી શેઠને સંતાપે ખુબ
ખુણે જઇ કહે શેઠ દાડો ફર્યો તારો છે ૩

પંગાર થયે કે બધા ભામટાઓ ભેગા થઇ
હોટલોમાં બોટલો પીવી એવા વીચારો છે.
ચાર ચાર ભેગા થઇ હોટલોમાં જઇ બેસે
બાય ગોસ માટી કહે દારૂ બહુ સારો છે
છોકરા રૂપાળા જોઇ નાળામાં મોહાઇ શેઠ
કહે આતો ખાસ મારો ચાવી રાખનારો છે
તીજોરીમાં તાજુ પડી જાણુ પડી શેઠ કાન
કાન ભુલી હામ હારી બેઠો તે બીચારો છે ૪
મોહીએ આવીને માંડી આંક ભુને શેઠ તણી
એકસોને વીસનો હીસાબ ચડયો છે મારો.
મકાન વાળો તો આલ્ફ્રેડને કહે છે એવું;
મકાનના ભાડા પેટે માલ સહુ મારો છે;
એકટરો નાખ્યા નાખ્યા. બેસીને વિચાર કરે
અરે ભાઇ ચેતો આતો પગારજ નારો છે
કોઇ કહે ડ્રેસ અને પડદા લેઇને ચાલો
કોઇ કહે હારમુનીયમ. માલ સારો છે—૫
કોઇ કહે થાળી અને વાડકા તપેલાં સહુ
એટલું જ લેઇ ચાલો તેમાં લાજ સારો છે.
આવી રીતે માલ સહુ ખેદાન મેદાન થયો.
લેઇ ગયા માલ રહયો સેઠ ત્યાં બીચારો છે.
જર ગયું ઝેર થયું જાનની ખુવારી થઇ,
ગઇ આબરૂને ગેર આબરૂનો વારો છે.
લલુ દાસ કવી તણા અનુભવ થકી કહે.
અલીબાબ નાટકથી બચ્યો એવો મારો છે ૬

ભાગ. ૪ થો.

આશેકે. ઇસ્ક.

ગજ.લે તેગ

મયકે માલે સ્કમે અહનાસે આલા હો ગયા
જરરે સે ખુરસીદ આર કતરે સે દર્યા હો ગયા.
સરકે કટ તેહી હમારા. દરહાસર જાતા રહા;
દેખીઓ શાને ખુદા કાતીલ મસીહા હો ગયા.
મેહ રૂખાને બેવફા. સે. કબ સદા ઉલ્ફત નીભી.
ચાર દીનકી ચાંદનીથી. ફીર અંધેરાહો ગયા.
આપકા ગુસ્સા. મેરે હકમે હય પયગામે અજલ
ગર્મ વો જીરહમ હુવા. મય દમ્મે ઠંડા હો ગયા
આજ તેગે બાવફાકી. સુનકે મરનેકી ખબર
બોલા ગભરા કેવો જાલીમહાય એ કયા હો ગયા.

ગજ.લે તેગ.

આપકે ગમજે. મેરે સરહી સહી.
નાજ. ઉઠાને કામય નોકરહી સહી
વાદા તો કરલો વફા કરના કભી
આબ નહી તો રોજે મહેશરહી સહી
બઠ રહે નેકોમીલે થોડીસી જાકો.
ઘર નહી તો યારકા દરહી સહી
હય ગરજ. ઉલફત પરસ્તિસે હમે
બુત નહી તો કોઇ પથ્થરહી સહી
દેખ નાગરસેર બારીશ હો તુમે
અબ્રમેરા દીદયે તરહી સહી
દીલલગાનેસેહે મતલબ તેગકો
હોનકાતીલ ગમકા લશ્કરહી સહી

ગજ.લે તેગ.

સીતમ દીલ્લસેકે કરના યેજફાકારો કીઆતે' હે.
ઓર ઉનપર જાન દેહેના વફા દારોકી બાતે' હે.
હમારે દીલકો લે કર ખાક મે તુમજો મીલાતે હે
જ.રા ઇન્સાફ તો કીજે એ દીલ્લદારોકી બાતે હે
બહોત કીસ્સે સુને. અબ મેરીબારી હે સંભલ બેઠુ
જીગર કે પાર હોગી યે દીલ અફગારોકી બાતેહે
કીસી મહોતાજકા સીમંતનોપર દીલ ન આજાએ.
સુકાના યસે સોદે કા તો જ.રદારોકી બાતે હે
હસીનો પરતુ મે યતેગ અચ્છા એતે બાર આયા
કે ઇનકી જીતની બાને તેહે સબએયારોકી બાતે' હે.

ગજ.લ તગ.

મુમકીન હમારે દર્દકા દરમાં નહી નહી'
પયદા મરીજે. ઇશ્કકા લુકમાં નહી નહિ
તેરે તરીકપર મેરાઇમાં નહિ નહી
વાયજ. મય ઇસ રવીશકા મુસલ્લમા નહી' નહી'
ઇનસાનીયતતો યે હે મહોબ્બત મે જાન દે
જીસમે નહી હે ઇશ્ક વોઇનસાં નહી નહી.
દીલકી શીકીસ્તગી કામીટાનામહાલ હે
જાુઠ જાયેશીશા ટુટકે ઇમકાં નહિં નહી
કોસો કસમકા તેરે કરે યતે બાર કયા.
કાફીર તેરા ઠીકાને પરઇમા નહી' નહી'

ગજ.લે તેગ.

નહી' દમ તનસે' જાતા હે. નહી વો જાના આતાહે.
નહીં ઇસબે સબર દિલકો મુજે બયલાના આતાહે.

કોઇ જાકર કહે। સૈયાદ સે વો તેગસે એઠે
કે મરને કેલીયે જાલીમ તેરા દિવાના આતા હે
જવાબે વસ્લ પુછાતો સનમ ખામોશહો બયઠે.
ગજાબ હે એસે મોકેપર ઉ ા માનાના આતા હે.
ન દે તે પ્યાર ઓ ઇનકાર ... મને નહિ સાહેબ.
ઉને ઇસ ચુલ બુલાહટસે ... તરસાનાઆતા હે.
સીતમહે યેસે ગુસ્સે બાજ ... પાલા પડા મુજકો.
જો હુમસે બાતો બાતોમે ઉને રૂઠ જાના આતા હે.
વો જાલીમ દામગે સુકા હુમેશાં હુ બીછા રખતા
ઉસે આદત કુરા ને કા. મુજે ... જાના આતા હે.
ન હીમ્મત છોડ દેના. તેગ તુ ઇસ ઇશ્કમે બાયસ,
ઉને મુકતલ કરનેકી તુજે મરજાના આતા હે;

ગજલે તેગ.

સફ઼ે કોઇ દરદો ગમ કબ તગ ઉઠાવુ કયા કરૂં.
યા ઇલાહી મય તડફકર મરનજાવુ કયા કરૂં,
જીમે આતા હે મોહોબત બેવફાકી છોડ દુ;
પરમેં અપને દીલ પે જબ કાબુન પાવું કયા કરૂં.
વો જફા કરકે ખફા હોતાં હે. ઉલટા હર ઘડી,
એસે જાલીમકા સીતમ કબ તક ઉઠાવુ કયા કરૂં
દીલ દીયા જીસકો વો મેરિ જાનકા દુશ્મન હુવા.
હાલે દિલ અપના કીસે જાકર સુનાવું. કયા કરૂં;
તેગ ઉસ બુતકો નહી દાગે જીગરકા યતે બાર.
કયું કર અપના, ચીર કર સીના દીખાવું. કયા કરૂં

ગજલે તેગ.

સચ હયકે દીલ કીસીસે લગાના ન ચાહીએ.
લેકીન જો હુમકો ચાહે ઉસે કયા ન ચહીએ.

અશ્કઆઓઆશા રાહુતા. આરામ દીલસગી;
હાદિનકી જીન્દગાની મેં કયા કયા ન ચહાઇએ.
વા જુલમ કર રહે હે. પર ઇતના નહી કોઇ,
ઉન કહે કે આપકો એસારોન ચહાઇએ;
જાહીર હમારી આપકી ઉલફત તો હો ચુકી
અબ હમસે હાલ દીલકા છુપાના ન ચાહીઇ એ
અયતેગ ચહાતા હે જ.માના ઉસીકો
એક આપ ચાહતે નહી અચ્છા ન ચહાઇએ

ગજ.લે તેગ.

એક્સક રંજહે ઇતના કેમયખાભીનસકુ
.સરપે વો બારે અલમ રખકે ઉઠા ભીનસકું.
દાગેદીલ ઉનકો કુસીતોરદીખા ભીનસકું.
ઓર અગર ચાહુંછુપાનેતો છુપા ભીનસકું.
તુમ બુલાનેગ જો ભેજોગે ચલા આવુસનમ.
મેં ગયા વખત નહી હું જો ફીર આભીનસકું
યે મસલ સચહયકે. મારે ભીવરોને ભીનદે..
ચુપકા રહે ભીનસકું અરક બહા ભીનસકું
હાય અયતેગ મોહોબતમે તડપને કેસીવા
જીદા રહે ભીનસકું જાનસે જા ભીનસકું

ગજ.લે તેગ.

યારકી ફુરકતમે કુચ્છભાતા નહી.
સંગદીલ ચહેરેકો દીમલાતા નહી
રાતદીન મરતાહુ ઉલફતમે તેરી
કયું તેરે દીલમે રહેમ આતા નહીં
આન પંહોચીહય કજા. સરપર મેરે

બીન તેરે દેખેએજી જાતા નહી
મેરે દીલસે ઇસ્સજાહું મેએસનમ.
તેરે બીન હરગીજ.કીસે ચહાતા નહી.
પાસ જાતા હુતો કહેતે હે સનમ.
મર સુવે કમબખ્ત કયું જાતા નહી.
તેગતો મરનેસે પહેલે મરગયા.
મુદ્દા દીલકાએ બરઆતા નહી.

ગજલે તેગ

તુમારી ગરચે સુરત સાંવલી માલુમ હોતી હે.
અજી હમકો યેહી રંગત ભલી માલુમ હોતી હે.
હજારો ગુલકો ગશઆતે હે ઉસરૂકે ગુલાબી સે.
કલીબીનીકો દેખે બેકલી માલુમ હોતી હે
બહાયાથા. જો ખુન આશકકા કાતીલને વો દેખાતો.
હીનાઇ હાથમે મેહદિ મલી માલુમ હોતી હે.
જહાં જાતા હું દુનીયામે જહુનમસે લીબહતર હે.
ફકત જન્ત મુજે તેરી ગલી માલુમ હોતી હે.
નસીમે સુબહ ગુલશનમે ધુંવા બન બનકે ઉડતી હે;
અસરસે. આહે બુલ બુલકે જલી માલુમ હોતી હે.
નીકલ જાવે ન કયું તનસે. મેરી જાં એસે મોકેપર.
સનમ કીયાલમે. કુચ્છ છલ બલી માલુમ હોતી હે.
મેરે મરનેકી દેખી ફાલતો ખુશ હોકે કહેતે હે.
મેરે સરસે બલા અબ એટલી માલુમ હોતી હે.
કહે દેતી હય સુરત વસ્લ કીયે ગુલ્લસે ગાલોપર.
નશાં બોસેકે હય. છાતી મલી માલુમ હોતી હે.
ચડી હે અબરૂએ દીલબર ગજ.બ હોતા હે આશકોકો.
મીસાલે તેગ, ગરદનપર ચલી માલુમ હોતી હે.

ગજલ. લે તેગ.

અલા દીલ જો પહેલુ સે મેરે નીકલ કર.
તો હસરત પુકારી કે જાલીમ સમલ કર,
તુજે. ખાક દીખલાવું મય હાય જાલીમ,
કે દીલ થા જો એક રહે ગયા વોભી જલ કર;
જમાનેમેં મેરા ઠીકાના નહીં હય
કહાં જાવું તેરી. ગલીસે નીકલ કર.
કહીં રંગ ખુમે હીનાસેં હય બહેતર,
મેરા ખુન દેખોતો આંખોમે લેકર;
બુતોંકી મહોબત નહી છોડતા હય.
ખુદાયા મુજે ઓર દીલદે બદલ કર,
જબાં તેજ. હય ઇનદીનો તેગ તેરી,
જીગર કાટ દેતી હય દુશમનકા ચલ કર

રાગ. કલ્યાણ ધ્રુપદ.

શીર મુગટ શ્રવણ કુંડલ ભાલ તીલક પુષ્પમાલ-તરજ
કાંન કુંવર રસિક સુધર ગૌરવદન મોહકારી
બંસી મુખ ધરે ભામની ભુલાવે ભારી
નંદલાલ શ્રી ગોપાલ દીનાનાથ હો દયાલ;
મંદીર આએ આજ લાલ અજ જાવું વારી કાહાન

કાફી ઠુમરી

નેન નમે તોરી છબ બસ ગઇ. તરજ
આંગ નવા આયે નહ જાએ
દધ ખાએ કાજ લાજ તજી આજ લગે માગનવા
હાથ ધરત બીજ નારકે આગે
લાલ લગે પપ લાગ નવા

રાગ પીલુ

લાવ્ય સખી એને મન લલચાણું' તરજ

મોહનીયારે હુંસારે હમારે કોન ખલાસે હમકો બીમારે
ચાર પહેરમેરાતકો જાગી સોતનકે ઘર આપ સીધારે
ભામનીકે સંગ ઉમંગ ધરો તુમ, મોપાપીનકો બ્રીઓગમેડારે
કહાનકો ધ્યાન નીધાનહે હમકો ચાહેતો મારે જીવાયે ઉગારે.
લાલ કહેત નંદલાલકે ઉપર તનમન ધન ક્રીજનાર યેવાર

રાગ માલકોસ

બીન જ્ઞાન નમાન મીલેજનમે
અજ્ઞાન ગુમાન ધરે મનમે
લાલ એકલજુગકી હે નાશાની
નામ ભલો. હે. બુરે પનમે—

રાગ સારંગ ઠુમરા

વોસગરી ધીર ગઇ તરજ

મમ ચાહત પ્રીન હરી હરી
આલીરી મોરી સુધ હરલીનો
આવત યાદ ઘરી ઘરી મમ ચાહુ
ચેન પરત નહી રેન દીન ન મોહે.
મન પીડ ભયે નહી ધીર રહેરે
કહતલાલ કરગરી હરી મમ ચાહત

રાગ. કહાનડો.

ના છેડો નંદ કહાનતુફાંની.,
જાવો મીલો જો હયમનમાની—ટેક.
હો તુમ મનકે કપટીકનાઇ,
અબલા ઠગનેકો મનઠાની—ટેક
આપકો ખ્યાલ હે લાલ છબીલે,
ધા.યમીલો ઝટજાત જુવાની—ટેક

રાગ પરજ સોહણી ગજલ.

જમતલગ ઉસ યારકી ફુરકતમે જાતડપા યંગે
જબતલગ હરદો મુસીબત રંજોગમ હુમખાયંગે.
યારકો મેને કહા દીલદાર મત તરસાઇએ
તો ખફાહો કર કહા તરસાયંગે તરસા યંગે
અયપરી ફરમાન લે કહના મેરા બહેતર સમજ
બાદમેરે મરનેકે પસ્તાયંગે પસ્તાયંગે
સીખનેકો શોકયોં કે દફતર યેસનામ બેઠેંગેમ હુમ
બેવફાયોંમેં તેરા નામેજફા છપવાયંગે
તેગ ગરતુ જાનસે મરજાવેગા તોભી સનમ.
વો ન તેરે હાલપર હરગીજ. રહેમફરમાયંગે

બેહાગ ગજલ.

મત સતાયા કર નજાકતસે મેરે સરવર મુઝે
કયા રહેમ આતી નહી બેકસકી હાલતપર તુઝે
રાતદિન મરતા હું ઉલફતમેં તેરીઅયે જાનેજાં
કાટને આતા હે ગોયા રોજોપબબીસ્તર મુઝે
ઇશકને તેરે બનાયા હય દીવાના અયપરી
કરકે મસ્તાના ફીરાયા ઇશકને ઘરઘર મુઝે
એક બેસાકીજી એ પ્યારી રૂખે રંગીનકો
આકે ગુસ્સેમે કહાઉસ સોખને સરમર મુઝે
તેગ સુબહો શામ ઇનતેજારી કરતા હે તેરી
દેતસલ્લી આકે શબભર અય મેરે સરવર મુઝે

રાગ પુરબી ઠુમરી.

સાવન કહે ગયે અગસ ભઇલવા તરજ
જાવન લાગેરી પ્રીતમ બદેરાવા
મનમે લાગી આગ ફરકવા.

વો જાવે તનપ્રાન સીધાવે
ચૈન ન પડે શરીર લાલજી જાવન.
મોરારે બેપારી. અલી સોહાગર ગરજ
પીયા બીન પ્યારી કોન છતીઆં લગાવે
છતીઆં લગાવે તન તાપ કો સમાવે. પીયા
ફાગન ઓ આયો હાલી જીયા કલપાવે આલી.
મીલે લાલકો ખુસ હુાલી આનંદ જમાવે. પીયા.

રા. કાલીંગડો.

મને તો કાંનકાળાએ ડસી. તરજ.
મધુરી બાસરી બાજન લગી.
બાંસરી બાજન લગી. મધુરી.
ઓહ મધુરી બાંસરી સુનકે,
નિંદ સું ગોપીન જગી. મધુરી.
ઘરકો કામ ભુલાયકે ભામની.
સુગધા અધિરિ ભગી મધુરી.
લાલ કહત. બ્રીજ બાલ દિવાની
જીયરા વા નલગી મધુરી

રાગ બીભાસ.

નંદકો નડોરો છોરો. તરજ
આજ રાજ આયે મોરે મંદીરવા આલી.
મંદીરવા આલી મોહે પ્રગટી ખુશાલી.
મદન મોરારી સંગ ખેલી રસરેલી આજ
અધરા અમૃત પીનો દાનો કરઝાલી.

રાગ ભૈરવ.

મોરી અખીઆં ફરકન લાગી તરજ
મોહન વા મનહર જાવે

જાવે પીયા જીયરાતરસાવે મોહન
જમુના તટપર કહાન ખડે હે,
ઐાસી રસિક બજાવે રે મોહન વા.
નાદ કરે મન સબકો હરે હે
નાર યાર ફસાવે રે મોહન વા.
લાલની દાલ રસિક હૃયસ્યાને
ગોપીકો નાચનચાવે રે મોહન વા.

તરાન રાગ ભૈરવી.

દરીઆનારે તાનુમ તાના દેરના.
તદારે દાની દારા દારા દારા દારા.
નીત નીત નોમ નીત નીત નોમ.
યની યલારે તદારે દાનીતા દદાની તાદદાની ટેક.
નાદરદી નાદરદી તુમ દરતદરે તદરે તદરે યની યલારે
યની યલારે તદારે દાનીતા દદાનીતા દદનોતા દદાની દરીયાનારે

રમુજી ચુટકા

દોહરા.

સવાલ. નારી નાગણ આભુંપણ રંગ ઢંગ શુભ જાણ.
તે પાઠવજો પ્રેમથી ચેતી ચતુરસુજાણ.
જવાબ, વેંણી સુંદર પુષ્પની સુ શોભીત સુખકાર
આપું આણી પ્રેમદા હે મમ જીવન હાર

કાળી પણ કોયલ નહી. લાંબી પણ નહી વેલ.
ત્યાં મારૂં મલવું થશે. નહીતર આશા મેલ.
કાળી કામણુથી ભલી. છે જન સુખ દેનાર.
રાતે આવી પ્રીયમળું આગળ વદ આધાર.

ગાડે બાપ.
માવો આપ.

.. છે સુખ રસની ખાંણ.
સમજીઓ જાણ્યો પલંગ પ્રમાણ.

શેર.

જુદાઇ આપકી હરદમ મેરે દીલમે ખડકતી હૈ
લીખું તારીફ કીસમુહસે કલમ હરદમ અટકતી હૈ

નસીબેજોગે અગરચે ખત ખતમ યે જીંન્દગી હોગી.
હસેંગે અપને દુશમન ઔર ઉનકો દીલ્લ લગી હોગી

તુમારી યાદમે મરમર કે મયને શબ ગુ.જારી હૈ
અલમ હય. રંજ હય. ગ.મ હય. સીતમ હય. બેકરારી હૈ.

દીલ ઉસેદેના જીસે દીલ્લ લેનેકી દરકાર હો
બે દીલોંકો દીલ્લ કયાદેના મુફતમેં જાં ખ્વાર હૈ

સમાપ્ત.

અમાઉથી ગ્રાહક

નામ.	પ્રત.
રા. રા. ઉસ્તાદ અમ્રતલાલ કેશવલાલ.	૨૫
રા. રા. શીવલાલ ગીરધર	૨૫
રા. રા. કૃષ્ણરાય બળવંતરાય	૨૫
રા. રા. ગોવિંદલાલ મોતીરામ	૨૫
રા. રા. બળવંતરાય લક્ષ્મીરામ	૨૧
રા. રા. મણીલાલ પ્રભુરામ	૧૦
રા. માણુભાઇ	૧૦
રા. દત્તપ્રસાદ અંબાલાલ	૮
રા. કેશવલાલ.	૮
રા. રા. અમુલખરાય મહીપતરાય	૭
રા. રા. ચંદુલાલ માધવલાલ.	૫
રા. રા. વેણીશંકર ગણપતીશંકર	૫
શા. ગોકળદાસ રણછોડદાસ.	૫
રા. રા. મુળજી નારણ.	૪
પટેલ હીમતલાલ રવીચંદ	૨
રા. દીનાનાથ કાશીનાથ.	૨
મહેરબાન રતીલાલ	૧
રા. રા. ચુનીલાલ મુળચંદ.	૨
પા. સાંકળચંદ દામોદરદાસ.	૨
રા. રા. રણછોડલાલ હરગોવન	૨
રા. રા. આરતલાલ અમરતલાલ	૨
રા. રા. પાનાચંદ ઉજમરામ	૨
રા. રા. દ.	
રા રા. છગનલા...	૧
પટેલ. કાશીદાસ મગનલાલ.	૧
શા. લલ્લુભાઇ કચરાદાસ.	૧
,, પરશોતમ ત્રીકમલાલ	૧
મણીઆર. પરભુદાસ જેચંદ.	૧
પટેલ. દ્વારકાંદાસ લલ્લુભાઇ.	૧
રા. રા. લાલશંકર દોલતરામ	૧
પટેલ. મણીલાલ છોટાલાલ.	૧
" બળદેવભાઇ ગીરધરભાઇ.	૧
રા. રા. ધીરજલાલ કેશવલાલ	૧
,, મણીલાલ ચુનીલાલ.	૧
રા. રા. મોતીલાલ ગણેશજી	૧
રા. રા. ડાહ્યાભાઇ મયાચંદ	૧
રા. રા. ભોગીલાલ રણછોડ.	૧
રા. રા. મફતલાલ ઉમેદરામ	૧
રા. રા. મહેરબાન ભુરાભાઇ	૧
રા. રા. મનસુખ શીવલાલ	૧
રા. રા. હરગોવીંદ વલ્લભજી	૧
રા. રા. કુવરજી કેશવજી	૧
રા. રા. નાથાલાલ રવીચંદ	૧
રા. રા. ઇશ્વરલાલ ત્રીભોવનદાસ	૧
રા. રા. મોહનલાલ	૧